
Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# બાલબોધ પાઠમાળા

## ભાગ–૧



શ્રી ટોડરમલ સ્મારક ભવન, જયપુર

કિંમત ૭૦ પૈસા

: પ્રકાશક :

મંત્રી, શ્રી ટોડરમલ સ્મારક ભવન

એ–૪ બાપૂનગર, જયપુર–૪ (રાજ૦)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

[ શ્રી ટોડરમલ ગ્રન્થમાળા પુષ્પ નં. ૧૩ ]

# બાલબોધપાઠમાળા ભાગ ૧

( શ્રી વીતરાગ વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડ દ્વારા નિર્ધારિત )

લેખક :

**પં૦ રતનચન્દ ભારિલ્લ**

શાસ્ત્રી, ન્યાયતીર્થ, બી૦ એ૦

બરીકાટક રોડ, વિદિશા ( મ૦ પ્ર૦ )

સમ્પાદક :

**પં૦ હુકમચન્દ ભારિલ્લ**

શાસ્ત્રી, ન્યાયતીર્થ, એમ૦ એ૦, સાહિત્યરત્ન

સંયુક્તમંત્રી, શ્રી ટોડરમલ સ્મારક ભવન, જયપુર

ગુજરાતી અનુવાદક :

**બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ**

બી. એ. ( ઓનર્સ ) : એસ. ટી. સી.; રાષ્ટ્રભાષા રત્ન.

પ્રકાશક :

**મંત્રી, શ્રી ટોડરમલ સ્મારક ભવન**

એ-૪, બાપૂનગર, જયપુર-૪ ( રાજ૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સર્વાધિકાર સુરક્ષિત

પ્રથમાવૃત્તિ ( હિંદી ) : ૧૧, ૦૦૦ ( સન્ ૧૯૬૮ )
દ્વિતીયાવૃત્તિ ( હિંદી ) : ૧૧,૦૦૦
મહાવીર જયંતી, વિ૦ સં. ૨૦૨૬
દિનાંક ૧૯ એપ્રિલ, ૧૯૭૦
પ્રથમાવૃત્તિ ( ગુજરાતી ) ૫,૦૦૦ ( સન્ ૧૯૭૧ )
દ્વિતીયાવૃત્તિ ( ગુજરાતી ) ૫,૦૦૦ ( સન્ ૧૯૭૪ )

મુદ્રક : પ્રવીણચંદ્ર જયંતિલાલ
ચેતન પ્રિન્ટર્સ,
સિહોર (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of BalbodhPathmala – Part 1 (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 23 May 2008 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# નિવેદન

જિજ્ઞાસુ પાઠકો!

આ પુસ્તક, કોમળ બુદ્ધિવાળાં બાળકોને તત્ત્વનું જ્ઞાન આપવાના હેતુથી શ્રી ટોડરમલ સ્મારક ભવન દ્વારા નિર્મિત પાઠયક્રમ સમિતિ દ્વારા તૈયાર કરાવવામાં આવ્યું છે. એમાં, સરળ ભાષા અને સહેલાઈથી સમજાય એવી શૈલીમાં બાળકોને તત્ત્વ-જ્ઞાનની પ્રાપ્તિ તો થાય જ પણ સાથે સાથે તેઓ નીતિવાન પણ બને, તેમના ચારિત્રનું નિર્માણ થાય અને તેમને પોતાના પ્રાચીન ગૌરવમાંથી પણ પ્રેરણા મળી શકે એનું ધ્યાન રાખવામાં આવ્યું છે. તેથી એમાં તત્ત્વને લગતા પાઠોની સાથે સાથે સદાચાર સંબંધી પાઠ અને પુરાણ-પુરુષોના જીવન-પરિચય પણ આપવામાં આવ્યા છે તથા તેમનામાં ધાર્મિક સંસ્કાર દૃઢ થાય તે માટે સ્તુતિને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

આ રીતે પુસ્તકને સર્વાંગ સુન્દર અને ઉપયોગી બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જો આ પ્રયત્નથી બાળકોને થોડો ય લાભ મળશે તો અમે અમારા પ્રયત્નને સાર્થક સમજશું.

પાઠક બંધુઓની સગવડ અને કુશળ અધ્યાપન-કાર્યને દૃષ્ટિમાં રાખીને પાઠયક્રમ સમિતિએ પ્રશિક્ષણ-પાઠયક્રમની યોજના પણ બનાવી છે, જેના માધ્યમ દ્વારા ઉનાળાની રજાઓમાં ૨૦ દિવસની શિબિરો દ્વારા અધ્યાપક ભાઈઓને સર્વ પ્રકારની સગવડ પૂરી પાડીને અધ્યાપનની પ્રાયોગિક અને સૈન્દ્ધાન્તિક પદ્ધતિથી પરિચિત કરાવવામાં આવે છે.

નિવેદક

નેમીચન્દ પાટની — મંત્રી

પૂરણચન્દ ગોદીકા — અધ્યક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વિષય-સુચી



| ક્રમ | પાઠનું નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ણમોકાર મંત્ર | ૧ |
| ૨. | ચાર મંગળ | ૩ |
| ૩. | તીર્થંકર ભગવાન | ૫ |
| ૪ | દેવદર્શન | ૯ |
| ૫. | જીવ-અજીવ | ૧૨ |
| ૬. | દિનચર્યા | ૧૫ |
| ૭. | ભગવાન આદિનાથ | ૧૯ |
| ૮. | મેરા ધામ | ૨૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરહંત પરમેષ્ઠી




સિદ્ધ પરમેષ્ઠી



આચાર્ય પરમેષ્ઠી



ઉપાધ્યાય પરમેષ્ઠી



સાધુ પરમેષ્ઠી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ પહેલો

# ણમોકાર મંત્ર

ણમો અરહંતાણં,

ણમો સિદ્ધાણં,

ણમો આઇરિયાણં,

ણમો ઉવજ્ઝાયાણં,

ણમો લોએ સવ્વ સાહૂણં.

લોકમાં સર્વ અરહંતોને નમસ્કાર હો. સર્વ સિદ્ધોને નમસ્કાર હો, સર્વ આચાર્યોને નમસ્કાર હો, સર્વ ઉપાધ્યાયોને નમસ્કાર હો અને સર્વ સાધુઓને નમસ્કાર હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## ણમોકાર મંત્રનો મહિમા

# એસો પંચણમોયારો, સવ્વપાવપ્પણાસણો;
# મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હોહિ મંગલમ્.

આ પંચ નમસ્કાર મંત્ર સર્વ પાપોનો નાશ કરનાર છે, અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

આ મંત્ર મોહ–રાગ–દ્વેષનો અભાવ કરનાર અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવનાર છે.

અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચે ‘પરમેષ્ઠી’ કહેવાય છે. જે જીવ આ પાંચે પરમેષ્ઠીઓને ઓળખીને, તેમના બતાવેલા માર્ગે ચાલે છે તેને સાચું સુખ મળે છે.

પ્રશ્ન—

૧. ણમોકાર મંત્ર શુદ્ધ બોલો અને લખો.

૨. આ મંત્રમાં કોને નમસ્કાર કરવામાં આવ્યા?

૩. આ મંત્રના સ્મરણથી શું લાભ છે?

૪. પાંચ પરમેષ્ઠીનાં નામ બતાવો.

૫. સાચું સુખ કેવી રીતે મળે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ બીજો

# ચાર મંગળ

ચત્તારિ મંગલં—અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા—અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ સરણં પવ્વજ્જામિ—અરહંતે સરણં પવ્વજ્જામિ, સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહૂ સરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ.

લોકમાં ચાર મંગળ છે. અરહંત ભગવાન મંગળ છે, સિદ્ધ ભગવાન મંગળ છે, સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) મંગળ છે તથા કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મ મંગળ છે.

જે રાગ-દ્વેષ-મોહરૂપી પાપને ગાળે અને સાચું સુખ ઉત્પન્ન કરે, તેને મંગળ કહે છે. અરહંતાદિક સ્વયં મંગળ-મય છે. અને તેમના પ્રત્યે ભક્તિભાવ થવાથી પરમ મંગળ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લોકમાં ચાર ઉત્તમ છે. અરહંત ભગવાન ઉત્તમ છે, સિદ્ધ ભગવાન ઉત્તમ છે, સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) ઉત્તમ છે તથા કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મ ઉત્તમ છે.

લોકમાં જે સૌથી મહાન હોય તેને ઉત્તમ કહે છે. લોકમાં આ ચારે ય સૌથી મહાન છે, તેથી ઉત્તમ છે.

હું ચારેયના શરણે જાઉં છું. અરહંત ભગવાનના શરણે જાઉં છું, સિદ્ધ ભગવાનના શરણે જાઉં છું, સાધુ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) ના શરણે જાઉં છું અને કેવળી ભગવાને બતાવેલ વીતરાગ ધર્મના શરણે જાઉં છું.

શરણ આધારને કહેવામાં આવે છે. પંચ પરમેષ્ઠીએ બતાવેલ માર્ગે ચાલીને પોતાના આત્માનું શરણ લેવું તે જ પંચ પરમેષ્ઠીનું શરણ છે.

જે વ્યક્તિ પંચ પરમેષ્ઠીનું શરણ લે છે તેનું કલ્યાણ થાય છે અર્થાત્ દુઃખ (ભવભ્રમણ) મટી જાય છે.

**પ્રશ્ન—**

૧. મંગળ, ઉત્તમ અને શરણ શબ્દનો અર્થ સમજાવો.
૨. આપણે કોનું શરણ લેવું જોઈએ?
૩, આત્માનું હિત કઈ વાતમાં છે?
૪. ચત્તારિ મંગલં આદિ પાઠ શુદ્ધરૂપે લખો અથવા બોલો.
૫. 'પંચ પરમેષ્ઠીનું શરણ' નો શું અર્થ છે?

---

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ ત્રીજો

# તીર્થંકર ભગવાન

વિદ્યાર્થી—ગુરુજી! શું બાહુબળી ભગવાન નથી?

શિક્ષક—કેમ નથી?

વિદ્યાર્થી—ચોવીસ ભગવાનોમાં તો તેમનું નામ આવતું જ નથી.

શિક્ષક—ચોવીસ તો તીર્થંકર હોય છે. જે વીતરાગ અને સર્વજ્ઞ છે તે બધા ભગવાન છે. અરહંત પરમેષ્ઠી અને સિદ્ધ પરમેષ્ઠી ભગવાન જ છે ને.

વિદ્યાર્થી—શું તીર્થંકર ભગવાન નથી હોતા?

શિક્ષક—તીર્થંકર તો ભગવાન હોયજ છે પણ સાથોસાથ જે તીર્થંકર ન હોય પણ વીતરાગ અને પૂર્ણજ્ઞાની હોય, તે અરહંત અને સિદ્ધ પણ ભગવાન છે.

વિદ્યાર્થી—તો તીર્થંકર કોને કહે છે?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શિક્ષક—જે ધર્મતીર્થ (મુક્તિના માર્ગ) નો ઉપદેશ આપે છે, સમવસરણ આદિ વૈભવથી યુક્ત હોય છે અને જેમને તીર્થંકર નામકર્મ નામના મહા-પુણ્યનો ઉદય હોય છે તેમને તીર્થંકર કહે છે. તે ચોવીસ હોય છે.

વિદ્યાર્થી—કૃપા કરીને ચોવીસેયનાં નામ બતાવો.

શિક્ષક—

| | |
|---|---|
| ૧. ઋષભદેવ (આદિનાથ) | ૧૩. વિમળનાથ |
| ૨. અજિતનાથ | ૧૪. અનંતનાથ |
| ૩. સંભવનાથ | ૧૫. ધર્મનાથ |
| ૪. અભિનંદન | ૧૬. શાન્તિનાથ |
| ૫. સુમતિનાથ | ૧૭. કુન્થુનાથ |
| ૬. પદ્મપ્રભ | ૧૮. અરનાથ |
| ૭. સુપાર્શ્વનાથ | ૧૯. મલ્લિનાથ |
| ૮. ચન્દ્રપ્રભ | ૨૦. મુનિસુવ્રત |
| ૯. પુષ્પદંત (સુવિધિનાથ) | ૨૧. નમિનાથ |
| ૧૦. શીતળનાથ | ૨૨. નેમિનાથ |
| ૧૧. શ્રેયાંસનાથ | ૨૩. પાર્શ્વનાથ |
| ૧૨. વાસુપૂજ્ય | ૨૪. મહાવીર (વર્દ્ધમાન, વીર, અતિવીર, સન્મતિ) |


વિદ્યાર્થી—એમને તો યાદ રાખવા કઠણ છે.

શિક્ષક—કઠણ નથી. હું તમને એક કાવ્ય સંભળાવું છું, તે યાદ કરી લેજો, પછી યાદ રાખવામાં સરળતા પડશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી તીર્થંકર ભગવાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

છંદ—

ઋષભ[૧] અજિત[૨] સંભવ[૩] અભિનંદન[૪],
સુમતિ[૫] પદ્મ[૬] સુપાર્શ્વ[૭] જિનરાય;
ચન્દ્ર[૮] પુહુપ[૯] શીતળ[૧૦] શ્રેયાંસ[૧૧] જિન,
વાસુપૂજ્ય[૧૨] પૂજિત સુરરાય.
વિમળ[૧૩] અનંત[૧૪] ધર્મ[૧૫] જસ ઉજ્જવલ,
શાન્તિ[૧૬] કુંથુ[૧૭] અર[૧૮] મલ્લિ[૧૯] મનાય;
મુનિસુવ્રત[૨૦] નમિ[૨૧] નેમિ[૨૨] પાર્શ્વ[૨૩] પ્રભુ,
વર્દ્ધમાન[૨૪] પદ પુષ્પ ચઢાય.

વિદ્યાર્થી — **એમને જાણવાથી શું લાભ થાય?**

શિક્ષક — **એમનો ઉપદેશ સમજીને તે પ્રમાણે ચાલવાથી આપણે બધાય ભગવાન બની શકીએ છીએ.**

પ્રશ્ન:—

૧. ભગવાન કોને કહે છે?

૨. તીર્થંકર કોને કહે છે?

૩. તીર્થંકર અને ભગવાનમાં શો તફાવત છે? શું દરેક ભગવાન તીર્થંકર હોય છે?

૪. તીર્થંકર કેટલા હોય છે? નામ સહિત બતાવો.

૫. શું ભગવાન પણ ચોવીસ જ હોય છે?

૬. પહેલા, પાંચમા, આઠમા, તેરમા, સોળમા, વીસમા, બાવીસમા અને ચોવીસમા તીર્થંકરનાં નામ બતાવો.

૭. એકથી વધારે નામ કયા કયા તીર્થંકરોનાં છે? નામ સહિત બતાવો.

---

૧–૨૪ ચોવીસ તીર્થંકરોનાં નામ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ ચોથો

# દેવદર્શન

દિનેશ—જિનેશ! એ જિનેશ!! ક્યાં જાવ છો?

જિનેશ—મન્દિરજી.

દિનેશ—કેમ?

જિનેશ—જિનેન્દ્ર ભગવાનનાં દર્શન કરવા.

દિનેશ—સારું, હું પણ આવું છું.

જિનેશ—તમારે આવવું હોય તો આવો. પણ પહેલાં આ ચામડાનો પટ્ટો ઘેર મૂકીને આવો. તમને ખબર નથી કે મંદિરમાં ચામડાની બનેલી વસ્તુઓ લઈને ન જવું જોઈએ.

દિનેશ—સારું, ભાઈ, હું હમણાં મૂકીને આવું છું.

(બન્ને મંદિર પહોંચે છે)


જિનેશ—અરે ભાઈ! ક્યાં ચાલ્યા જાવ છો? જોડા તો અહીં કાઢી નાખો. મંદિરમાં ચંપલ કે જોડા પહેરીને ન જવાય. લાગે છે કે પહેલાં તમે કદી મંદિર આવ્યા જ નથી, તેથી જ દર્શન કરવાની રીત પણ જાણતા નથી.

દિનેશ—હા ભાઈ, નથી જાણતો, હવે તમે બતાવો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જિનેશ — સાંભળો, મંદિરના દરવાજા પર પાણી રાખવામાં આવે છે. આપણે સૌથી પહેલાં ચંપલ, જોડા કાઢીને, પાણીથી હાથ-પગ ધોઈને પછી ભગવાનનો જયજયકાર કરતા અને ત્રણ વાર નિઃસહિ, નિઃસહિ, નિઃસહિ બોલતાં મંદિરમાં પ્રવેશ કરવો જોઈએ.

દિનેશ — નિઃસહિનો શું અર્થ થાય છે?

જિનેશ—નિઃસહિનો અર્થ છે સર્વ સાંસારિક કાર્યોનો નિષેધ. સારાંશ એ છે કે સંસારનાં સર્વ કાર્યોની ચિંતા છોડીને મંદિરમાં પ્રવેશ કરવો.

દિનેશ—ત્યાર પછી?

જિનેશ—ત્યાર પછી ભગવાનની વેદી સામે ૐ જય, જય, જય, નમોઽસ્તુ, નમોઽસ્તુ, નમોઽસ્તુ, ણમો અરિહંતાણં આદિ ણમોકારમંત્ર અને ચત્તારિમંગલં આદિ મંગળ પાઠ બોલીને જિનેન્દ્ર ભગવાનને અષ્ટાંગ નમસ્કાર કરવા. ત્યાર પછી, મન એકાગ્ર કરી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાનની સ્તુતિ બોલીને ત્રણ પ્રદક્ષિણા કરવી જોઇએ. ત્યાર પછી ફરીથી ભગવાનને નમસ્કાર કરી નવ વાર ણમોકાર મંત્ર બોલી કાયોત્સર્ગ કરવો જોઇએ.

દિનેશ—સારું, તો શાન્તિથી આ રીતે મન એકાગ્ર કરીને ભગવાનનાં દર્શન કરવા જોઇએ. વળી...?

જિનેશ—વળી શું? ત્યાર પછી શાન્તિથી બેસીને ઓછામાં ઓછો અર્ધો કલાક શાસ્ત્ર વાંચવું જોઇએ. જો મંદિરજીમાં તે વખતે પ્રવચન થતું હોય તો તે સાંભળવું જોઇએ.

દિનેશ—બસ...

જિનેશ—બસ શું? શાસ્ત્રમાં જે વાંચ્યું હોય અથવા પ્રવચનમાં સાંભળ્યું હોય, તેનું થોડી વાર બેસીને મનન કરવું જોઇએ તથા વિચારવું જોઈએ કે હું કોણ છું? ભગવાન કોણ છે? હું પોતે ભગવાન કેવી રીતે બની શકું? વગેરે, વગેરે...

દિનેશ—આ બધાથી શો લાભ થાય?

જિનેશ—એનાથી આત્મામાં શાન્તિ મળે છે, પરિણામોમાં નિર્મળતા આવે છે. મંદિરમાં આત્માની ચર્ચા થાય તે. તેથી જો આપણે આત્માને સમજીને તેમાં લીન થઈ જઈએ તો પરમાત્મા બની શકીએ.

પ્રશ્નઃ—

૧. દેવદર્શનની વિધિ તમારા શબ્દોમાં લખો.
૨. મંદિરમાં કેવી રીતે અને શા માટે જવું જોઇએ?
૩. મંદિરમાં કઈ કઈ વસ્તુ ન લઈ જવી જોઇએ?
૪. દેવદર્શન કરતી વખતે શું બોલવું જોઇએ?
૫. મંદિરમાં શું શું કરવું જોઈએ?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ પાંચમો

# જીવ-અજીવ

હીરાલાલ—મારું નામ કેટલું સારું છે?

જ્ઞાનચંદ—ઓહ! બહુ સારું છે! અરે ભાઈ! હીરો કીમતી જરૂર હોય છે, પણ છે તો તે અજીવ જ ને! છેવટે શું તમે જીવ (ચેતન)માંથી અજીવ બનવાનું પસંદ કરો છો?

હીરાલાલ— અરે ભાઈ! આ જીવ-અજીવ શું છે?

જ્ઞાનચંદ— જીવ! જીવને નથી જાણતા? તમે જીવ તો છો. જે જ્ઞાતા દ્રષ્ટા છે, તે જ જીવ છે, જે જાણે છે, જેમાં જ્ઞાન છે તે જ જીવ છે.

હીરાલાલ— અને અજીવ?


જ્ઞાનચંદ — જેમાં જ્ઞાન નથી, જે જાણી નથી શકતું તે જ અજીવ છે. જેવી રીતે તમે અને હું જાણીએ છીએ તેથી આપણે જીવ છીએ. હીરો, સોનું, ચાંદી, ટેબલ, ખુરશી, એ બધાં જાણતાં નથી તેથી તે અજીવ છે.

હીરાલાલ—જીવ-અજીવની બીજી ઓળખાણ શું છે?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનચંદ—જીવ સુખ અને દુઃખનો અનુભવ કરે છે, અજીવમાં સુખ-દુઃખ હોતાં નથી. હું અને તમે સુખ-દુઃખનો અનુભવ કરીએ છીએ તેથી આપણે જીવ છીએ. ટેબલ, ખુરશી સુખ-દુઃખનો અનુભવ કરતાં નથી તેથી તે અજીવ છે.



આ (ટેબલ અને શરીર) અજીવ છે.

હીરાલાલ—આંખો જુએ છે, કાન સાંભળે છે, શરીરમાં સુખ-દુઃખ થાય છે. તો આપણું શરીર તો જીવ છે ને?

જ્ઞાનચંદ—ના, ભાઈ! આંખો ઓછી જ જુએ છે? કાન ઓછા જ સાંભળે છે? જોનાર અને સાંભળનાર એમનાંથી જુદો કોઈ જીવ (આત્મા) છે. જો આંખ દેખતી હોય અને કાન સાંભળતા હોય તો મડદા (મરેલ શરીર) ને પણ દેખાવું–સંભળાવું જોઈએ. માટે તો કહ્યું છે કે શરીર અજીવ છે અને આંખ, કાન આદિ શરીરના જ ભાગ છે, તેથી તે પણ અજીવ છે.

હીરાલાલ–ઠીક, ભાઈ જ્ઞાનચંદ, હવે હું સમજી ગયો કેઃ–

હું જીવ છું,
શરીર અજીવ છે.
મારામાં જ્ઞાન છે,
શરીરમાં જ્ઞાન નથી.



હું જીવ છું.

હું જાણું છું,
શરીર કાંઈ જાણતું નથી.

જ્ઞાનચંદ—સમજી ગયા હો તો બતાવો કે હાથી જીવ છે કે અજીવ?

હીરાલાલ—જેમ આપણું શરીર અજીવ છે, તેમ જ હાથી આદિ બધા જીવોનું શરીર પણ અજીવ છે, પણ તેમનો આત્મા તો જીવ જ છે.

એ સમજી તો લીધું, પણ એ જાણવાથી લાભ શું છે? એ પણ બતાવો ને?

જ્ઞાનચંદ—એ જાણ્યા વિના આત્માની સાચી ઓળખાણ થઈ શકતી નથી અને આત્માની ઓળખાણ વિના સાચું સુખ મળી શકતું નથી, તથા આપણે સુખી થવું છે તેથી એનું જ્ઞાન કરવું પણ આવશ્યક છે.

જીવ-અજીવનું જ્ઞાન કરીને આપણે પોતે ભગવાન બની શકીએ છીએ.

પ્રશ્ન—

૧. જીવ કોને કહે છે?
૨. અજીવ કોને કહે છે?
૩. નીચે લખેલી વસ્તુઓમાં જીવ-અજીવની ઓળખાણ કરો:— હાથી, તમે, ખુરશી, મકાન, રેલ, કાન, આંખ, રોટલી, એરોપ્લેન, હવા, આગ.
૪. જીવ-અજીવની ઓળખાણથી શું લાભ છે?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પાઠ છઠ્ઠો

# દિનચર્યા

શિક્ષક—બાળકો ! આજે હું તમારા નખ અને દાંત જોઈશ. ઠીક, બોલો રમેશ, તમે કેટલા દિવસથી ન્હાયા નથી ?

રમેશ—જી, હું તો રોજ ન્હાઉં છું.

શિક્ષક—દરરોજ ન્હાનારના હાથ-પગ આટલા ગંદા હોય નહિ. તમે રોજ ન્હાતા હશો એ ખરું, પણ માથા ઉપર બે કળશા પાણી રેડી દેવું એ જ સ્નાન નથી. આપણે સારી રીતે ચોળીને ન્હાવું જોઈએ.

એવી જ રીતે આપણે આપણા દાંત સાફ કરવા માટે દરરોજ સવારે દાતણ અથવા મંજન કરવું જોઈએ. જે બાળકો મંજન કરતા નથી તેમના મોઢામાંથી ખરાબ વાસ આવે છે, તેમનાં દાંત નબળા પડી જાય છે.



સુરેશ—ગુરુજી ! હું તો સાંજે ન્હાઉં છું.

શિક્ષક—ના, આપણે દરેક કામ વખતસર કરવું જોઈએ તો જ ઠીક કહેવાય. આપણે દરરોજનો કાર્યક્રમ બનાવી

લેવો જોઈએ અને પછી તે પ્રમાણે પોતાનું દૈનિક કાર્ય પૂરું કરવું જોઇએ.

રમેશ—ગુરુજી! અમારો રોજનો કાર્યક્રમ આપ જ બનાવી આપો. અમે આજથી તે પ્રમાણે જ કાર્ય કરશું.

શિક્ષક—પ્રત્યેક બાળકે સૂર્ય ઊગ્યા પહેલાં ઊઠી જવું જોઇએ. સૌથી પહેલાં નવ વાર ણમોકાર મંત્રનો જાપ કરવો, પછી થોડીવાર આત્માના સ્વરૂપનો વિચાર કરીને મનને શુદ્ધ કરવું.

સુરેશ—શું મન પણ અશુદ્ધ થાય છે?

શિક્ષક—હા, ભાઇ! જેવી રીતે બાહ્ય અશુદ્ધિ આપણું શરીર અશુદ્ધ કરે છે, તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહ આદિ વિકારી ભાવોથી આપણું મન (આત્મા) અશુદ્ધ થાય છે. જેવી રીતે સ્નાન, મંજન આદિથી આપણું શરીર સાફ થાય છે, તેવી જ રીતે આત્મા અને પરમાત્માના ચિંતનથી આપણું મન (આત્મા) પવિત્ર થાય છે.

આપણે અંદરની અને બહારની બંનેની પવિત્રતા તરફ ધ્યાન આપવું જોઇએ.



રમેશ—ત્યાર પછી!

શિક્ષક—ત્યાર પછી શૌચ, દાતણ આદિથી નિવૃત્ત થઇને સ્નાન કરવું તથા શુદ્ધ ધોયેલાં કપડાં પહેરીને મંદિરજીમાં દેવદર્શન કરવા જવું જોઇએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

દેવદર્શનની વિધિ તો તમને તે દિવસે સમજાવી હતી. ત્યાર પછી જ અલ્પાહાર (દૂધ, નાસ્તો) લઈને જો નિશાળનો કે પાઠશાળાનો સમય હોય તો ત્યાં જવું જોઈએ, નહીં તો ઘેર જ પોતે અભ્યાસ કરવો જોઈએ.

એવી જ રીતે ભોજન પણ દરરોજ સમય પ્રમાણે ૧૦–૧૧ વાગ્યે શાંતિપૂર્વક કરવું જોઈએ. સાંજે દિવસ આથમ્યા પહેલાં જ ભોજનથી નિવૃત્ત થઈ જવું એ પ્રત્યેક બાળકનું કર્તવ્ય છે. રાત્રે ભોજન કદી નહિ કરવું જોઈએ. એવી જ રીતે રાત્રે પણ જ્યાં સુધી તમારું મન ચોંટે ત્યાં સુધી ૮–૯ વાગ્યા સુધી પોતાના પાઠ યાદ કરવા જોઈએ. ત્યાર પછી આત્મા અને પરમાત્માનું સ્મરણ કરીને સ્વચ્છ પથારીમાં શાંતિથી સૂઈ જવું જોઈએ.

બધાં બાળકો—આજથી અમે આપે બતાવેલી દિનચર્યા પ્રમાણે જ ચાલશું અને શરીરની સ્વચ્છતા સાથે જ આત્માની પવિત્રતાનું પણ ધ્યાન રાખશું.

પ્રશ્ન—

૧. એક સારા બાળકની દિનચર્યા કેવી હોવી જોઈએ?

૨. સવારમાં સૌથી પ્રથમ ઊઠીને આપણે શું કરવું જોઈએ?

૩. શારીરિક સ્વચ્છતા અને મનની પવિત્રતા બાબત શું સમજ્યા?

૪. શારીરિક સ્વચ્છતા માટે શું શું કરવું જોઈએ?

૫. મનની (આત્માની) પવિત્રતા માટે શું કરવું જોઈએ?

---



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ સાતમો

# ભગવાન આદિનાથ

પુત્રી—બા, ઘેર ચાલોને!

બા—આવું તો છું, જરા ભક્તામરનો પાઠ કરી લઉં.

પુત્રી—ભક્તામર શું છે?

બા—ભક્તામર સ્તોત્ર એક સ્તુતિનું નામ છે, એમાં ભગવાન આદિનાથની સ્તુતિ (ભક્તિ) કરવામાં આવી છે.

પુત્રી—બા, જેમની સ્તુતિ હજારો માણસો દરરોજ કરે છે તે આદિનાથ કોણ હતા?

બા—તેઓ ભગવાન હતા. તેઓ દુનિયાની બધી વાતો જાણતા હતા અને તેમના રાગ-દ્વેષ-મોહ નષ્ટ થઈ ગયા હતા તેથી તેઓ પરમ સુખી હતા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પુત્ર —શું તેઓ જન્મથી જ વીતરાગ સર્વજ્ઞ હતા? તેમનો જન્મ ક્યાં થયો હતો?

બા—ના. બેટી, તેમણે વીતરાગતા અને સર્વજ્ઞતા પુરુષાર્થથી પ્રાપ્ત કરી હતી. તેમનો જન્મ અયોધ્યા નગરીમાં ત્યાંના રાજા નાભિરાયની રાણી મરુદેવીની કુંખે થયો હતો.

પુત્રી—તેઓ તો રાજકુમાર હતા, શું તેમણે રાજ્ય ન કર્યું?

બા—રાજ્ય કર્યું અને લગ્ન પણ કર્યાં હતા. તેમના લગ્ન બે વાર થયા હતા. પહેલી પત્નીનું નામ નંદા હતું, તેનાથી ભરત ચક્રવર્તી વગેરે સો પુત્રો અને બ્રાહ્મી નામની એક પુત્રી જન્મી હતી. બીજી પત્નીનું નામ સુનંદા હતું, તેનાથી બાહુબલી નામના પુત્ર અને સુન્દરી નામની પુત્રી જન્મી હતી.

પુત્રી—તો શું ભરત ચક્રવર્તી અને બાહુબલી આદિનાથ ભગવાનના જ પુત્રો હતા?

બા—ભગવાન તો તેઓ પાછળથી થયા. તે વખતે તો તેમનું નામ રાજા ઋષભદેવ હતું. તેઓ પ્રથમ તીર્થંકર ભગવાન હોવાથી લોકો તેમને આદિનાથ પણ કહેવા લાગ્યા.

એક દિવસ રાજા ઋષભદેવ પોતાની સભામાં બેસીને નીલાંજનાનું નૃત્ય જોઇ રહ્યા હતા. નૃત્યની વચમાં જ નીલાંજનાનું મૃત્યુ થઇ ગયું. એ જોઈને તેમને સંસારની ક્ષણભંગુરતાનો ખ્યાલ આવ્યો અને રાજપાટ વગેરે બધાનો રાગ છોડીને દિગંબર થઈ ગયા. છ મહિના સુધી તો આત્મધ્યાનમાં લીન રહ્યા. ત્યાર પછી છ મહિના સુધી વિધિ પૂર્વક આહાર મળ્યો નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એક વર્ષ પછી અક્ષય ત્રીજને દિવસે ઋષભ મુનિને રાજા શ્રેયાંસને ત્યાં સર્વપ્રથમ આહાર શેરડીના રસનો મળ્યો. તે જ દિવસથી અક્ષય ત્રીજનું પર્વ શરૂ થયું.

પુત્રી—શું તેઓ મુનિ થતાં જ સર્વજ્ઞ બની ગયા હતા?

બા—ના, પુત્રી, તેઓ એક હજાર વર્ષ સુધી બરાબર મૌન આત્મ-સાધના કરતા રહ્યા. એક દિવસે આત્મ-તલ્લીનતાની દશામાં તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ અને તેઓ વીતરાગ, સર્વજ્ઞ ભગવાન બની ગયા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

તથા તેમના દિવ્ય ધ્વનિ દ્વારા તત્ત્વનો ઉપદેશ થવા લાગ્યો, જેથી ભવ્ય જીવોને મુક્તિના માર્ગનું જ્ઞાન થયું.

પુત્રી—તો શું તમે તેમની જ સ્તુતિ કરો છો? હું પણ કરતી રહીશ, શું તેઓ મને પણ મુક્તિનો માર્ગ બતાવશે?

મા—જરૂર કરતી રહેજે. તેઓ તો કેટલાક દિવસ પછી મુક્ત થઈ ગયા હતા. અર્થાત્ ધર્મસભા (સમવસરણ) આદિ પણ છોડીને સિદ્ધ થઈ ગયા. પણ તેમણે બતાવેલો મુક્તિનો માર્ગ તો આજ સુધી પણ જ્ઞાનીઓ દ્વારા આપણને મળેલો છે અને જે એમણે બતાવેલા મોક્ષના માર્ગે ચાલે છે તેઓ જ તેમના સાચા ભક્ત છે અને તે પોતે ભગવાન પણ બની શકે છે.

પ્રશ્ન—

૧. ભક્તામર સ્તોત્રમાં કોની સ્તુતિ છે?

૨. ભગવાન આદિનાથનો સંક્ષિપ્ત પરિચય આપો.

૩. અક્ષય ત્રીજના પર્વ વિષે તમે શું જાણો છો?

૪. રાજા ઋષભદેવ ભગવાન આદિનાથ કેવી રીતે બન્યા તથા તેમને આદિનાથ શા માટે કહેવામાં આવે છે?

૫. તેમને વૈરાગ્ય કેવી રીતે થયો?

૬. શું તેમણે બતાવેલો મુક્તિનો માર્ગ આપણે પ્રાપ્ત કરી શકીએ? જો હા, તો કેવી રીતે?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પાઠ આઠમો

# મેરા ધામ

શુદ્ધાતમ હૈ મેરા નામ,
માત્ર જાનના મેરા કામ;
મુક્તિપુરી હૈ મેરા ધામ,[1]
મિલતા જહાં પૂર્ણ વિશ્રામ.

જહાં ભૂખકા નામ નહીં હૈ,
જહાં પ્યાસકા નામ નહીં હૈ;
ખાંસી ઔર જુખામ નહીં હૈ,
આધિ[2] વ્યાધિ[3]કા નામ નહીં હૈ.

સત્[4] શિવ[5] સુન્દર મેરા ધામ,
શુદ્ધાતમ હૈ મેરા નામ;
માત્ર જાનના મેરા કામ. ૧

સ્વપર-ભેદ વિજ્ઞાન કરેંગે.
નિજ આતમકા ધ્યાન ધરેંગે;
રાગ–દ્વેષકા ત્યાગ કરેંગે,
ચિદાનન્દ[6] રસ પાન કરેંગે.

સબ સુખદાતા મેરા ધામ,
શુદ્ધાતમ હૈ મેરા નામ;
માત્ર જાનના મેરા કામ. ૨

---

૧. નિવાસ, ૨. માનસિક રોગ, ૩. શારીરિક રોગ,
૪. સાચું, ૫. કલ્યાણકારી, ૬. આત્માનો આનંદ.